ગાંધીનગર સમાચાર

**મનપાએ જીઆઈડીસીમાં નવ, ઈન્ફોસીટીમાં પાંચ એકમો સિલ કર્યા**

# મંત્રીઓ અને સભ્યોના પગાર અને ભથ્થામાં જંગી વધારો

## ભરત સોલંકી વિધાનસભા જોવા આવ્યા; નબળી આર્થિક સ્થિતિ ધરાવતા પૂર્વ સભ્યો માટે સર્વે કરાવી પેન્શન જેવી રાહત આપવા વિપક્ષી નેતાનો આગ્રહ : બે સભ્યોનું સસ્પેન્શન પાછુ ખેંચાયુ

ગાંધીનગર, તા. ૯

ગુજરાત વિધાનસભામાં આજથી અંદાજપત્રની વિગતવાર માંગણીઓ પરની ચર્ચાનો આરંભ થયો છે. સાતમા નાણાંપંચની ભલામણોના સ્વીકાર સાથે રાજ્ય સરકાર પર પડી રહેલા આર્થિક ભારણને પગલે

**વિધાનસભાના દ્વારેથી** - પ્રકાશ જહા

મંત્રીમંડળના સભ્યોના પગાર ભથ્થા અને ધારાસભ્યોના પગારભથ્થાના ખર્ચમાં વધારો થવા પામ્યો છે.

રાજ્ય એ ધારાસભ્યો અને મંત્રીમંડળના સભ્યોના પગાર ભથ્થાઓને લઈ પગારપંચની ભલામણો પ્રમાણે અમલ કરવાનો કરેલો નિર્ણય હોવાથી આ વર્ષે મંત્રીમંડળના પગાર ભથ્થા અને ધારાસભ્યોના પગાર ભથ્થામાં તોતીંગ વધારો કરવાની જોગવાઈઓ આજે ચર્ચાને અંતે પસાર કરવામાં આવી છે.

**● પેન્શન જેવી જોગવાઈઓ**

આજે વિધાનસભામાં પૂર્વ ધારાસભ્ય વસાવાના શોકદર્શક પરના ઉલ્લેખ પર પ્રવચન દરમ્યાન વિપક્ષના નેતા શંકરસિંહ વાઘેલાએ જે સભ્યોની આર્થિક સ્થિતિ નબળી હોય તેમના માટે અધ્યક્ષશ્રીની કચેરી દ્વારા સર્વે કરાવી અને તેમને જીવન આધાર માટે પેન્શન જેવી રાહતની બાબતમાં વિચારણા કરવી જોઈએ તેવો મત વ્યક્ત કર્યો હતો.

વાઘેલાએ સ્વ. વસાવાની આર્થિક સ્થિતિનો ઉલ્લેખ કરતાં જણાવ્યું હતુ કે તેમની અંતિમ વિધિ અને મરણોત્તર ક્રિયા માટે ફાળો ઉઘરાવવો પડ્યો હતો. જે ખુબજ દયનીય સ્થિતિનો ચિતાર છે. કેટલાક પૂર્વ સભ્યો ઘણી લાચારી ભર્યુ જીવન વિતાવી રહ્યા છે ત્યારે અધ્યક્ષશ્રીએ તેમની કચેરી દ્વારા આવા સભ્યોનો સર્વે કરાવી અને તેમને પેન્શન જેવી રાહત મળે તેવી લાગણી વ્યક્ત કરી હતી.

**● ભરત સોલંકી વિધાનસભામાં આવ્યા**

ગુજરાત પ્રદેશ કોંગ્રેસ પ્રમુખ ભરતસિંહ સોલંકી આજે રાજ્ય વિધાનસભાગૃહ ખાતે આવ્યા હતા. તેમની સાથે કોંગ્રેસના કેટલાક આગેવાનો પણ આવ્યા હતા.

પત્રકારોએ જ્યારે પુછ્યુ ત્યારે તેઓ વિધાનસભાની કાર્યવાહી જોવા આવ્યા હોવાનું તેમજ આર્થિક અનામત અંગે કોંગ્રેસી સભ્ય શૈલેષ પરમારના પ્રસ્તાવ પરની ચર્ચા સાંભળવા આવ્યા હોવાનું જણાવ્યું હતું.

તેમણે વિપક્ષી નેતા શંકરસિંહ વાઘેલા સાથે ટી ડિપ્લોમસી પણ કરી હતી.

**● બે સભ્યોનું સસ્પેન્શન પાછુ ખેંચાયુ**

કોંગ્રેસના બે સભ્યો બળદેવજી ઠાકોર અને પરેશ ધાનાણીના સસ્પેન્શનને પાછુ ખેંચવા માટે આજે રાજ્ય ગૃહમંત્રી પ્રદિપસિંહ જાડેજાએ પ્રસ્તાવ મુક્યો હતો અને નાયબ મુખ્યમંત્રી નીતિન પટેલના સમર્થન પછી આ સભ્યોનું સસ્પેન્શન પાછુ ખેંચવામાં આવ્યુ હતુ.

**● અને છેલ્લે...**

આજે રાજ્ય વિધાનસભાગૃહમાં રાજ્યકક્ષાના મંત્રીઓ અને કેબિનેટ મંત્રીઓ વચ્ચે સંકલનનો અભાવ હોવાનું બહાર આવ્યુ હતુ. તો એક અવલોકનમાં અધ્યક્ષ રમણલાલ વોરાએ પણ ગૃહના રેકર્ડ પરથી દૂર કરાયેલા શબ્દો કે અંશો અખબારમા લખાય નહિ તે માટે પત્રકારોને પણ ટપાર્યા હતા.

**તિલક હોળી મનાવીએ - પાણીનો વ્યય અટકાવીએ**



ઓચિંતો બદલાવ - શહેરના વાતાવરણમાં બપોર બાદ ઓચિંતો બદલાવ નજરે પડતો હતો... ઉનાળાના આરંભે જ વાદળછાયું વાતાવરણ થતાં પુનઃ બેવડી ઋતુ અનુભવાતી હતી...

# હાઈટેક વિકાસને વેગ આપવા માટે ગુડા વિસ્તારમાં ટુંકમાં પ્લોટની હરાજી થશે

## ગુડા દ્વારા ૫ થી ૧૫ હજાર મીટરના ૮ પ્લોટની હરાજી કરાશે : ઓન લાઇન હરાજી પ્રક્રીય માટે ટુંકમાં જ તળિયાની કિંમત નક્કી કરી જાહેરાત કરાશે

ગાંધીનગર તા ૯

ગુડા દ્વારા ટુંકમાં જ પ્લોટોની હરાજી કરવામાં આવશે. ગુડા વિસ્તારમાં વિકાસના નવા આયામો સાથે નવી ઈમારતો બંધાય અને વિકાસના દષ્ટિકોણને વેગ મળે તેવા આશયથી ગુડા વિસ્તારમાં ૮ જેટલા પ્લોટોની હરાજી કરવાનો નિર્ણય લેવાયો છે. આ મામલે પ્લોટના તળિયાની કિંમત ટુંકમાં જ નક્કી કરી હરાજીની પ્રક્રીયા આખરી કરી દેવાશે.

ગાંધીનગર નજીકના ગુડા વિસ્તારમાં સમાવિષ્ટ ગામોમાં પણ વિકાસના નવતર અભિગમ સાથે માળખાગત સુવિધાના કામોને વેગ આપવામાં આવ્યો છે. ગુડા વિસ્તારમાં આર્થિક પછાત વર્ગ તેમજ મધ્યમવર્ગ માટે તબક્કાવાર આવાસ યોજના માટે પણ કિંમતી જગ્યા પર બાંધકામ કરવામાં આવી રહયુ છે. જયારે આમ નાગરિકોને માથે છત મળે તેની સાથે ગુડા વિસ્તારના સમતોલ વિકાસ માટે પણ નવીન પ્રયાસો શરૂ કરી દેવાયા છે. ગુડા વિસ્તારમાં ગ્રીન સીટી અને ક્લીન

● અનુસંધાન પાન-૭ પર

# ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં એક વર્ષમાં જન્મજાત બધીરતા ધરાવતા ૧૦૫ બાળકોની સર્જરી કરાઈ

ગાંધીનગર સિવિલ હાસ્પિટલમાં છેલ્લા એક વર્ષથી બાળકો માટે કોકલીયર ઈમ્પલાન્ટના ઓપરેશનની શરૂઆત કરવામાં આવી છે. જયારે આ દરમિયાન ગાંધીનગરમાં ૧૦૫ બાળકોને આ પ્રકારના ઓપરેશન કરવામાં આવ્યા છે. વિધાનસભામાં લિંબાયતના ધારાસભ્ય સંગીતાબેન પટેલે પુછેલા કોકલીયર ઈમ્પલાન્ટના પ્રશ્નના ઉત્તરમાં આરાગ્ય મંત્રીએ

**વિધાનસભામાં ગાંધીનગર** - ધનંજય જોષી

આપેલા ઉત્તરમાં જણાંવ્યા મુજબ શાળા આરોગ્ય કાર્યક્રમ હેઠળ જન્મજાત બધીરતાવાળા બાળકોની જી એમ આર સોસાયટી હસ્તકની ગાંધીનગરની હોસ્પિટલમાં તા ૧૮ જાન્યુઆરી વર્ષ ૨૦૧૬ થી કોકલીયર ઈમ્પલાન્ટની સર્જરી શરૂ કરવામાં આવી છે. જયારે છેલ્લા એક વર્ષમાં ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં આ પ્રકારની તકલીફ ધરાવતા ૧૦૫ બાળકોના ઓપરેશન કરવામાં આવ્યા છે.

**જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં વેટ સેસની ૧૮૧૦ કરોડની આવક**

ગાંધીનગર જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં પેટ્રોલ ડિઝલ , સી એન જી અને પી એન જી સહીત રાસાયણિક ખાતર ઉપર વેટ સેસની કેટલી આવક થઈ આણંદના કરમશી પટેલના પ્રશ્નના ઉત્તરમાં નાણાંમંત્રીએ ઉત્તરમાં જણાંવ્યા મુજબ જિલ્લામાં પેટ્રોલ ડિઝલ, સી એન જી પી એન જી અને રાસાયણિક ખાતર પર વેટ સેસની બે વર્ષમાં ૧૮૧૦ કરોડની આવક થઈ છે. જેમાં વર્ષ ૨૦૧૫ માં સી એન જી પર વેટ સેસની મહત્તમ આવક ૬૧૧.૧૫ કરોડ થઈ હોવાનુ પણ આંકડા પરથી સ્પષ્ટ થયુ છે. જયારે પી એન જીમાં પણ વેટ સેસ અન્વયે ૪૦૭.૫૭ કરોડની આવક થઈ છે. જયારે વર્ષ ૨૦૧૬ ડિસેમ્બર અંત સુધીમાં પેટ્રોલમાં ૫.૭૮ અને ડિઝલમાં ૪.૨૮ની વેટની આવક થઈ છે.

# મનપાએ જીઆઈડીસીમાં નવ, ઈન્ફોસીટીમાં પાંચ એકમો સિલ કર્યા

## ૧૯ લાખની રોકડ વસુલાત મેળવી : સરકારી મિલ્કતોની બાકી માટે પણ નોટીસ પાઠવી : શૈક્ષણિક સંસ્થાઓ પાસેથી પણ કરોડોમાં વસુલી માટે નોટીસ

ગાંધીનગર, તા. ૯

ગાંધીનગર મહાનગરપાલિકા દ્વારા મિલ્કતવેરાની બાકી વસુલી અંગે સખ્તાઈભર્યુ વલણ અખત્યાર કરતાં ૧૪ જેટલી મિલ્કતોનું સીલીંગ કર્યુ છે. જ્યારે સિલીંગ દરમ્યાન રૂ. ૧૯ લાખ જેટલી વસુલી મેળવવામાં પણ સફળતા મેળવી છે.

મળતી વિગતો પ્રમાણે મનપાના સત્તાવાળાઓ દ્વારા ૧૦૭૫ જેટલા મિલ્કતવેરાના બાકીદારોને નોટીસ પાઠવી છે. આ પછી નોટીસનો પિરિયડ પુરો થતાં જ તંત્ર દ્વારા મિલ્કતોના સિલીંગની કામગીરી હાથ ધરવામાં આવી છે.

● અનુસંધાન પાન-૭ પર

## વ્યવસાય વેરાની વસુલી માટે પણ મનપાનું તંત્ર હરકતમાં

ગાંધીનગર, તા. ૯


ગાંધીનગર મહાનગરપાલિકાએ મિલ્કતવેરાની સાથે સાથે વ્યવસાય વેરાની વસુલાત અંગે પણ કડક કાર્યવાહી હાથ ધરી છે.

મનપાના સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે વ્યવસાયવેરામાં પણ ૧૮ ટકા વ્યાજ સાથે વસુલી કરવાની જોગવાઈ મ્યુનિ. એક્ટમાં છે. આ માટે તંત્ર દ્વારા હાલ તો માત્ર વેરીફીકેશનની કામગીરી જ ચાલે છે.

આ માટે તંત્ર દ્વારા આખુ અલાયદુ તંત્ર પણ ટુંકમાં

● અનુસંધાન પાન-૭ પર

**બેસણું/પઘડી**



અમારા પરમ પૂજ્ય પિતાશ્રી
**મોહનલાલ કેવલરામ પેશવાણી**
તા.૦૮-૦૩-૨૦૧૭ને બુધવારના રોજ દેવલોક પામ્યા છે. પ્રભુ તેમના પવિત્ર આત્માને ચિરશાંતિ અર્પે એવી પ્રાર્થના.
**સદ્દગતનું બેસણું તા.૧૦-૩-૨૦૧૭ને શુક્રવારનાં રોજ સાંજે ૫.૩૦ કલાકે** અમારા નિવાસસ્થાને રાખેલ છે.
૫૦૬/૧, ઝુલેલાલ ભવન, વિરાટનગર સોસાયટી પાસે, સે.૨૩, ગાંધીનગર
માયાબેન મોહનલાલ પેશવાણી (પત્ની)
(સમસ્ત પેશવાણી પરિવાર)

**વિસનગરા નાગર બેસણું (વાલમ)**



અમારા પૂજ્ય માતૃશ્રી
**ગં.સ્વ. સુધાબેન નરેશકુમાર ભટ્ટ**
તા.૦૮-૦૩-૨૦૧૭ના રોજ દેવલોક પામ્યા છે.
**સદ્દગતનું બેસણું તા.૧૦-૦૩-૧૭ને શુક્રવારનાં રોજ સવારે ૮ થી ૧૧ કલાકે** અમારા નિવાસસ્થાને રાખેલ છે.
સ્થળ : પ્લોટ નં. ૧૦૭૮/૧, સેક્ટર-૧૩/સી, મહાત્મા મંદિરની સામે, ગાંધીનગર

| | |
|---|---|
| રાજુલ એન. ભટ્ટ (સા.વ.વિ./ચૂંટણી પ્રભાગ) | કલ્પના આર. ભટ્ટ |
| પૂર્વી વી. વ્યાસ | વિપુલકુમાર એલ. વ્યાસ |
| શિલ્પા પી. પંડ્યા | પ્રણવકુમાર એ. પંડ્યા |
| જય આર. ભટ્ટ | ચાંદની જે. ભટ્ટ |

પિયરપક્ષનું બેસણું ઉપરોક્ત સ્થળે અને સમયે રાખેલ છે
અજીતકુમાર ડી.પંડિત (વિસનગર)

**GUJARAT COUNCIL ON SCIENCE & TECHNOLOGY**
Department of Science and Technology, Govt. of Gujarat
Block-B, 7th floor, M. S. Building, Sector-11, Gandhinagar, Gujarat 382011, Email: info-gujcost@gujarat.gov.in
Website : www.gujcost.gujarat.gov.in
Phone: 079-23259362-68, Fax: 079-23259363

**SHORT TENDER NOTICE FOR HIRING VEHICLES**

GUJCOST is inviting bids from the travel agencies to supply vehicles on rent. The tender document can be collected from the GUJCOST office or downloaded from its website from 10/03/2017 to 16/03/2017 during working hours on a payment of Rs.500/- as tender fees and submit the same with an EMD of Rs.20,000/- in favor of Member Secretary, Gujarat Council on Science & Technology, Gandhinagar.
Last date of the complete Tender document submission is **16/03/2017 at 16:00 hrs.** GUJCOST reserves the right to accept / reject any or all tenders without assigning any reasons whatsoever.

Date: 10-03-2017 — Advisor & Member Secretary, GUJCOST

ઈશ્વરકૃપા ટાયર સર્વિસ
ગાંધીનગર ખાતે સૌથી જુના અને જાણીતા
એપોલો/સીએટ કંપનીના અધિકૃત વિક્રેતા
CEAT
તમામ સાઈઝના ઓરીજનલ ટાયર-ટ્યૂબ હાજર સ્ટોકમાં વ્યાજબી ભાવે મળશે
પ્લોટ નં. ૮૫૯, વિશ્વકર્મા શોપીંગ સેન્ટર, સરકારી લાઈબ્રેરીની બાજુમાં, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (દુ.) ૨૩૨૬૧૧૬૩, મો. : ૮૧૪૧૦ ૧૨૩૫૪, ૮૧૪૦૪ ૬૦૭૬૭

ROOPKALA
The silver shop
માત્ર ચાંદીનો શો-રૂમ
199, District Shopping Center, Nr. Bank of Baroda, Sector - 21, Gandhinagar, Ph.232 48225
તમામ ક્રેડીટ / ડેબીટ કાર્ડ આવકાર્ય

ટચુકડી જાહેર ખબર
માત્ર રવિવારે
જાહેરાત માટેનું અસરકારક માધ્યમ
ગાંધીનગર સમાચાર
ફોન : ૨૩૨૨૨૫૭૧
ફોન : ૨૩૨૩૭૫૭૧
ફેક્સ : ૨૩૨૩૦૫૭૧

જગ્યા ભાડે આપવાની છે
ઈન્ફોસીટી સુપર મોલ-૧
ગ્રાઉન્ડ ફ્લોર, જી-૫,
સબ-વેની બાજુમાં
આશરે ૨૩૩ ચો. ફુટ
ફોન : ૯૮૨૪૨ ૩૭૦૦૮




Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com